## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બહેન તમે તમારુ ધાર્યું મતદાન તો કરો છો અને પછી આવે છે ગમે તે સરકાર... એવું જ અમારી કેરીમાં છે... લઈ જાવ એક પેટી...

# એનએસયુઆઈ કાર્યકરને ટીચર યુનિવર્સિટી કેમ્પસમાં પ્રવેશવા મુદ્દે હોબાળો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર૧૫ સ્થિત ટીચર યુનિવર્સિટીમાં જાણે વિવાદો સમવાનું નામ લેતા નથી. એક સમસ્યાનો ઉકેલ આવે ત્યારે બીજી સમસ્યા સામે જ ઉભી હોય છે. ત્યારે અચાનક યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટાર દ્વારા એનએસયુઆઈના કાર્યકરને પ્રવેશવા પર પ્રતિબંધ મુકતા મામલો બીચક્યો હતો. જેને પગલે મોટીસંખ્યામાં એનએસયુઆઈ કાર્યકરો એકઠા થઈ ગયા હતા અને ટીચર યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટાર સામે વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અમિત પારેખને યુનિવર્સિટીમાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકાતા મામલો બીચક્યો હતો. આ અંગે અમિત પારેખે જણાવ્યું હતું કે યુનિવર્સિટીના એકટ પ્રમાણે અને સ્ટેચ્યુટ પ્રમાણે યુનિવર્સિટીના સિનિયર અધિકારીને રજીસ્ટ્રારનો ચાર્જ આપવાનો હોય છે. પણ એકટ અને સ્ટેચ્યુટ પ્રમાણે ડેપ્યુટી રજીસ્ટ્રાર યુનિવર્સિટીના અધિકારી ગણાતા નથી. તો વાઈસ ચાન્સેલરે કયા નિયમ થઈ હાલના ઈન્ચાર્જ રજીસ્ટ્રારને ચાર્જ સોંપ્યો છે તે જાણવા રહ્યું. જયારે અમિત પારેખે જણાવ્યું હતું કે આજે બપોરના સુમારે તેઓ ટીચર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઓછી હાજરી હોવાથી પરિક્ષા પૂર્ણ થાય લેકચર ભરવાની નોટીસ આપી હતી. તે અંગે યુનિવર્સિટીના કોલેજના પ્રિન્સીપાલ અને રજીસ્ટ્રાર સાથે વાત કરવા ગયા હતા.પરંતુ ગેટ પરની સિક્યુરીટીએ તેમને અંદર આવવા દીધા ન હતા.

તપાસ કરતા જાણવા મળ્યું કે ઈન્ચાર્જ રજીસ્ટ્રાર દ્વારા આવો તઘલખી નિર્ણય લેવાયો છે. ત્યારે યુનિવર્સિટી એ પ્રજાના પૈસે ચાલતી સંસ્થા છે. વિદ્યાર્થી નેતા તરીકે કેમ્પસમાં આવવુ એ તેમનો અબાધિત અધિકાર છે. ત્યારે હાલના નિયમોને તોડી મરોડીને બની બેઠેલા રજીસ્ટ્રાર આપખુદશાહી ચલાવી રહ્યા છે. ત્યારે યુનિવર્સિટીને જાગીર સમજતા રજીસ્ટ્રારે અચાનક એનએસયુઆઈના કાર્યકરને પ્રવેશવા પર પ્રતિબંધ લગાવતા હોબાળો સર્જાયો હતો. ત્યારે યુનિવર્સિટીની અનેક ફરીયાદોને લઈ એનએસયુઆઈ દ્વારા આક્રમક આંદોલન કરવામાં આવે તો નવાઈ નહી.



**આરોગ્ય કમિશનરે સિવિલની મુલાકાત લઈ કાંગારૂ દિવસની ઉજવણી કરી**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બપોર બાદ આરોગ્ય કમિશનર જયંતિ રવિ આવી પહોંચ્યા હતા. સિવિલતંત્રના અધિકારીઓ સાથે એન.આઈ.સી.યુ. વોર્ડની મુલાકાત લધી હતી અને કાંગારૂ દિવસની ઉજવણી કરી હતી. નવજાત બાળકોની માતાઓ સાથે વાતચીત કરી તેમના ખબર-અંતર પુછ્યા હતા. કાંગારૂ પોતાના બાળકને શરીરથી ચોંટાડીને રાખે છે તે જ રીતે માતા પોતાના નવજાત બાળકને છાતીથી લગાડી રાખે તો માતાના શરીરની ગરમીથી બાળકનુ મૃત્યુ થતા અટકાવી શકાય છે. જેને પગલે રાજ્યમાં બાળમૃત્યુદર ઘટાડવાના ભાગરૂપે કાંગારૂ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના અધિકારી-કર્મચારીઓ ખડેપગે હાજર જોવા મળ્યા હતા.

# પત્રકાર સુરક્ષા માટે મુખ્યમંત્રી તથા ગૃહ રાજયમંત્રીને આવેદનપત્ર અપાયું

### જૂનાગઢ પોલીસદમન કેસમાં એફઆઈઆર નોંધવા ઉપરાંત પત્રકારો પર વધતા જતા હુમલાઓ સંદર્ભે પગલા ભરવા માંગ

ગાંધીનગર, તા. ૧૫

તાજેતરમાં જૂનાગઢ ખાતે સ્વામિનારાયણ મંદિરની ચૂંટણી



દરમ્યાન પત્રકારો પર પોલીસ દમન સહિત રાજયમાં છેલ્લાં કેટલાક સમયથી વધી રહેલી પત્રકારો પર પોલીસ દમનની ઘટનાઓના સંદર્ભે ગુજરાત પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાને આજે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગૃહ રાજયમંત્રીએ સમિતિને ભવિષ્યમાં પત્રકારો પર આવા હુમલાની ઘટના નહી બને તેવી ખાત્રી આપી હતી.

ગુજરાત પત્રકાર સુરક્ષા સમિતિના નેજા હેઠળ વરિષ્ઠ પત્રકારો પદ્મકાંત ત્રિવેદી, ડૉ. હરિ દેસાઈ, ડૉ. ધીમંત પુરોહિત, દિલીપ પટેલ, અભિજિત ભટ, દર્શના જામીનદાર તથા ગૌરાંગ પંડ્યા દ્વારા મુખ્યમંત્રી તથા ગૃહ રાજયમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ સાથે સમિતિ દ્વારા પત્રકાર સુરક્ષા અને વેલ્ફેર સંબંધી પત્રકાર અકાદમી સક્રીય કરવા માંગ કરવામાં આવી હતી અને મિડીયાકર્મી સ્વ. ચિરાગ પટેલના અપમૃત્યુ કેસ બાબતે ઝડપથી યોગ્ય તપાસ કરી ન્યાય આપવા રજુઆત કરવામાં આવી હતી.

આ સાથે રાજ્યમાં પત્રકારોને ધમકી આપવા સહિત પત્રકારો પર હુમલાની વધી રહેલી ઘટનાઓ સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો અને જુનાગઢની ઘટનામાં આરોપીઓ સામે એફઆઈઆર નોંધી કાયદેસર ખાતાકીય પગલાં ભરવા સમિતિએ માંગ કરી હતી.

## પંચમુખી મહાદેવ મંદિર ખાતે દશાબ્દી મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ અને સે-૫-એ વસાહત પરિવાર દ્વારા તા. ૧૭મેના રોજ દશાબ્દી મહોત્સવ નિમિત્તે સે-૫-એ સ્થિત શિવશકિત મંદિર ખાતે સવારે ૯.૧૫ કલાકે હોમાત્મક લઘુરૂદ્ર તથા સાંજે ૬.૩૦ કલાકે શ્રીફળ હોમાશે.

# નર્મદા કેનાલમાંથી ત્રણ મૃતદેહ મળ્યા

### એક યુવતિ અને બે યુવકોના મૃતદેહ ઝુંડાલ અને જમીયતપુરા કેનાલમાંથી મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ સામાન્ય નાગરીકો માટે જીવાદોરી સમાન છે. ત્યારે આ જ નર્મદા કેનાલમાં પડીને મૃત્યુંને ભેટનારની સંખ્યા પણ દિવસે ને દિવસે વધી રહી છે. નર્મદા કેનાલ મૃત્યુ માટે હોટ સ્પોટ બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા અઠવાડીયમાં જ ૧૦ જેટલા મૃતદેહ કેનાલમાંથી બહાર નીકાળવામાં આવ્યા છે. ત્યારે આજે નર્મદા કેનાલમાંથી વધુ ત્રણ મૃતદેહ બહાર નીકાળવામાં આવ્યા છે. જેમાં એક કપલ અને યુવકનો સમાવેશ થાય છે. અડાલજ પોલીસે ત્રણેય મૃતદેહ બહાર નીકાળીને આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ઝુંડાલ નર્મદા કેનાલમાં યુવક અને યુવતિનો મૃતદેહ તરતો હોવાની જાણ અડાલજ પોલીસને કરતા ઘટના સ્થળે તાત્કાલીક દોડી ગઈ હતી અને બંન્ને મૃતદેહ બહાર નીકાળી તેના વાલી વારસોની શોધખોળ આદરી હતી. જેમાં યુવકની ઉંમર અંદાજીત ૨૪ વર્ષિય અને યુવતિની ઉંમર-૨૨ વર્ષિય હોવાનું ધ્યાને આવ્યું છે. તેમજ બંન્ને યુવક-યુવતિ ખેડા જિલ્લાના હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ ગત તા.૧૩ ના રોજ ઘરેથી નીકળી ગયા હતા. તેમજ બંન્ને એક જ સમાજના હતા અને બંનેની સગાઈ થઈ ગઈ હતી. ત્યારે કયા કારણોસર આ પગલુ ભર્યું તે જાણી શકાયુ નથી.

જયારે બીજા બનાવમાં ગાંધીનગર શહેરના સેકટર-૪ સી ખાતે પ્લોટ નં. ૬૦૦-૧ ખાતે રહેતા દિપકભાઈ જેઠાભાઈ પટેલ (ઉં.વ.૩૯) નાગરીક બેંકમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. મૃતક દિપકભાઈ ગત રોજ સાંજના સુમારે તેમના ઘરેથી નીકળી ગયા હતા. આજે બપોરના ત્રણ વાગ્યાના અરસામાં જમીયતપુરા નર્મદા કેનાલમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવીને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. જયારે મૃતકે અગમ્ય કારણોસર જીંદગી ટુંકાવી હોવાનું જાણવા મળ્યું છે.

# આયુષ્યમાન યોજના હેઠળ સારવારમાં કાપ મુકવા સામે ભારે વિરોધ

ગાંધીનગર, તા. ૧૫

સરકારશ્રીની આષ્યમાન ભારત યોજના (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ગરીબ માણસો માટે ખૂબ લાભદાયી અને જરૂરી યોજના છે. આ યોજનામાં બી.પી.એલ. ૨૦૧૧માં નોંધાયેલા જ લાભાર્થીને આ યોજના નીચે કાર્ડ કાઢવામાં આવે છે. જે સરકારશ્રીએ સર્વે કરી લાભાર્થી નક્કી કરેલ છે. જેથી ખોટા લાભાર્થીઓને લાભ લેવાનો પ્રશ્ન ઉદ્ભવવાનો પ્રશ્ન જ નથી.

તાજેતરમાં તા. ૬-૫-૨૦૧૯થી સરકારશ્રીએ ગ્રાન્ટઈન એઈટ હોસ્પીટલોને પણ સ્ત્રી રોગોને લગતા ઓપરેશનો, હિસ્સેક્ટટોપી (કોથળી) લેપ્રોકસોપી હિસ્ટ્રોકટટોપી (દૂરબીનથી કોથળીના ઓપરેશન) નહિ થવાની સૂચના આપી છે અને ફક્ત સરકારી હોસ્પટલો, આરોગ્ય કેન્દ્રો જ આ આપરેશનો કરી શકશે એવી સૂચના અપાઈ છે. ખાનગી હોસ્પિટલોને પણ આવી જ સૂચના આપવામાં આવી છે.

ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલો માત્ર સેવાના હેતુથી જ આવા ઓપરેશનો કરે છે અને ૪૦ વર્ષથી ઉપરની જ મહિલાઓને જરૂર હોય તો ડોક્ટર (ગાયનેક સર્જન) જ આવા ઓપરેશનોની સલાહ આપે છે. આવા ઓપરેશનના પેકેજ પણ રૂ. ૧૪,૦૦૦ થી ૨૦,૦૦૦ રૂ. સુધીના જ છે તેથી ખોટા લાભાર્થીને ઓપરેશનનો કોઈ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા કરતી નથી. આથી આરોગ્યલક્ષી સારી યોજનામાંથી મહિલા લાભાર્થીઓને સહાયથી વંચિત રાખવાના નિર્ણય અંગે સરકારે પુનઃ વિચારણા કરવી જોઈએ. ગ્રાન્ટ ઈન એડ હોસ્પિટલોને આ અંગે માન્યતા આપવી જોઈએ તેવી લાગણી અને માંગણી ગુ. રાજ્ય હોસ્પીટલ ફેડરેશનની છે.



ગુજરાત પ્રદેશની ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી દ્વારા હોટલ ઉદ્યોગમાં વપરાતા પ્લાસ્ટિક મટીરીયલ પર બેન મુકવાથી હોટલ ઉદ્યોગમાં પ્લાસ્ટિક કન્ટેનરનો ઉપયોગ બંધ કરવો પડ્યો હોવાથી હાલના વ્યવસાયમાં થતા નુકશાનને લીધે પ્લાસ્ટિક વિરૂદ્ધ લાદવામાં આવેલ બેનની વિરૂદ્ધમાં ગુજરાત રાજયના જનરલ સેક્રેટરી અનિલ મોરે, અશ્વિન ત્રિવેદી, દિપક વ્યાસ અને અમદાવાદ હોટેલ એસોસિએશનના અગ્રણીઓએ ભેગા મળીને અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર મુકેશ ગઢવીને આવેદનપત્ર આપ્યું હતું.



**સતત એક કલાક સુધી ૬૦ વિદ્યાર્થીઓનું સ્કેટીંગ**

ગાંધીનગરના સેકટર-૨૩માં આર.એન. લલિતકલા એકેડેમી એન્ડ મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે તાજેતરમાં એક સાથે ૬૦ વિદ્યાર્થીઓએ સતત એક કલાક સુધી ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડસ સ્કેટીંગ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. તા. ૨૮મી એપ્રિલના રોજ સવારે યોજાયેલી આ ટૂર્નામેન્ટને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડસ દ્વારા માન્યતા આપી તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે. આ ટૂર્નામેન્ટમાં મમતા સ્પોર્ટસ સેન્ટરના પ્રિન્સિપાલ દિનાબેન ડોડીયા તથા સ્કેટીંગ કોચ વસીમ મનસુરી ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# વાવોલ ગામમાં સામાન્ય બાબતે ઝઘડો થતા હોહા મચી ગઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામે મોડી સાંજે છોકરાઓની રમવાની બાબતે બે પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો. સામાન્ય બાબતના ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા ગામમાં હોહા મચી ગઈ હતી. બનાવની જાણ સેક્ટર-૭ પોલીસને થતા તાત્કાલિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મળતી માહિતી મુજબ ગામના આગેવાનોની મદદથી અને પોલીસની મદદથી સમગ્ર મામલો શાંત પડ્યો હતો. બે પરિવારના ઝઘડાની વાત ગામમાં વાયુવેગે પ્રસરી જતા ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો.

# વાવોલ ગામમાંથી ઘર પાસે પાર્ક કરેલી સુમો ચોરાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામમાં આવેલા કુબેરનગરમાં ઘર પાસે પાર્ક કરેલી સુમો કારની ઉઠાંતરી થવા પામી છે. ગત તા. ૧૧ ના રોજ રાત્રે ૯ કલાકે પાર્ક કરેલી સુમો ગાડી સવારે ૭ વાગ્યે ઉઠીને જોતા સ્થળ પર ન હતી. આસપાસના વિસ્તારમાં તપાસ અને શોધખોળ કર્યા બાદ ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વાવોલ અંકુર એપાર્ટમેન્ટની બાજુમાં આવેલા કુબેરનગર મકાન નં. ૧૬૨૪ ખાતે રાકેશ નટુભાઈ ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને કુડાસણ ખાતે આવેલ રાજન ટ્રાવેલ્સના માલિક બાબુભાઈ નારસંગભાઈ ચૌધરીની જી.જે.૯.બી.ઈ.-૩૩૩૭ નંબરની સુમો ગોલ્ડ ગાડી પાંચ માસથી ચલાવતો હતો. ગત તા. ૧૧ ના રોજ રાત્રીના ૯ કલાકે નોકરીથી પરત આવીને મારા ઘર પાસે ગલીમાં સુમો ગાડી પાર્ક કરી હતી. રાત્રીના બે વાગ્યા સુધી તો ફરીયાદીના કાકાના દિકરાએ ગાડી જોઈ હતી. જયારે સવારે ૭ વાગે ઉઠીને જોતા ઘર પાસે સુમો કાર ન દેખાતા દોડી જઈને આસપાસમાં તપાસ કરી હતી.રાત્રીના સમયે ઘર પાસેથી ચોર ઈસમો ગાડીની ઉઠીંતરી કરી પલાયન થઈ ગયા છે. સુમો ગાડી અંગે ખાનગી રીતે પણ તપાસ શોધખોળ કરી હતી. પરંતુ સુમો ગાડી મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# ખેડૂતોની આવક બમણી કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ

### ખેડૂતોને ગેરમાર્ગે દોરીને કોંગ્રેસ રાજનીતિ બંધ કરે : સસ્તી લોકપ્રિયતા મેળવવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૫

કૃષિમંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું છે કે, રાજ્યના કિસાનોની આવક બમણી થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૨૨માં કિસાનોની આવક બમણી કરવાના સપનાને સાકાર કરવા ગુજરાત ચોક્કસ રાહ ચીંધી રહ્યું છે. ત્યારે કોંગ્રેસ ખેડૂતોને ગેરમાર્ગે દોરીને રાજનીતિ કરી રહી છે તે અત્યંત નિંદનીય છે. તેમણે કહ્યું કે, 'કૌભાંડ' શબ્દ તો કોંગ્રેસની જ દેણ છે. જેને પીળીયો થયો હોય એને પીળું દેખાય એટલે કે, ખેડૂતોના નામે રાજનીતિ કરવાનું બંધ કરે.

ફળદુએ કહ્યું કે, ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી છે, ત્યારે ખેડૂતોને સહાયરૂપ થવાના બદલે કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢીને સરકારને બદનામ કરવાનો હીન પ્રયાસ કરી રહી છે. રાજ્ય સરકારે અનેકવિધ જણસોની ટેકાના ભાવે ખરીદી કરી છે ત્યારે એમાંય એમને કૌભાંડો દેખાયા તે જ દર્શાવે છે કે, કૌભાંડ એ કોંગ્રેસની દેન છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ ખેડૂતોના હિત સાટે કોઈ સમાધાન કરવા માંગતા નથી. રાજ્ય સરકારનો ઈરાદો પ્રમાણિક છે. ખેડૂતોના હિત માટે અનેક નિર્ણયો કર્યા છે અને આગામી સમયમાં પણ કરશે જ. કૌભાંડ કરનાર કોઈપણ વ્યક્તિ હશે એને રાજ્ય સરકાર ક્યારેય છાવરવા માંગતી નથી અને કોઈપણ વ્યક્તિ જવાબદાર હશે તો તેને કડકમાં કડક સજા કરવામાં અમારી સરકાર કોઈ કચાસ રાખશે નહીં.

જી.એસ.એફ.સી. રાજ્યમાં ૫૭ વર્ષથી કાર્યાન્વિત છે. સિક્કા ખાતે જી.એસ.એફ.સી.નો પ્લાન્ટ છે, જેમાં ખાતરનું ઉત્પાદન થાય છે. અત્યાર સુધીમાં ઓછા વજનની ફરીયાદ ક્યારે પણ મળી નથી. વજન ઓછું કેવી રીતે થાય. બોરીમાંથી બમ્બી મારીને કે રી-સીલાઈ કરીને ખાતર ઓછું થયું હોય એવું પણ ક્યાંય જોવા મળ્યું નથી. શિયાળા અને ચોમાસાની સીઝનમાં ખાતરના ઉત્પાદનમાં તથા પેકિંગમાં ભેજનું પ્રમાણ રહેતું હોય છે અને યુરિયાનો આ પ્લાન્ટ સિક્કામાં દરિયાકિનારે હોઈ ભેજનું પ્રમાણ રહેતું હોય છે, એટલે વજન ઓછું હોય તથા પેકેજીંગમાં કોઈ ટેકનીકલ ક્ષતિ થવાના કારણે પણ આ પ્રશ્નો થઈ શકે છે તથા જી.એસ.એફ.સી. સરકાર હસ્તકનું સાહસ હોઈ ખેડૂતોને નૂકશાન થાય એવું ક્યારેય વિચારે જ નહિ તથા તોલમાપ ઘાટાના કાયદા મુજબ પેકેજીંગ નિયમમાં એક ટકાનો ફેરફાર પણ માન્ય છે. સરેરાશ ૨૫૦ ગ્રામ ઓછું વજન બેગમાં જોવા મળ્યું છે. જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧ લાખ ૬૦ હજાર મે.ટન ખાતરનું ઉત્પાદન થયુ છે અને એમાંથી ૮૦૦૦ મે.ટન. વેચાયું છે જેની અંદાજીત કિંમત રૂ.૧૬ લાખ થાય છે. એટલે કૌભાંડનો કોઈ પ્રશ્ન જ નથી. અત્યારે ખેડૂતોને ખાતરની જરૂર હોય છે ત્યારે કોંગ્રેસ ખેડૂતોના પડખે ઊભા રહેવાના બદલે રાજનીતિ કરી રહી છે અને રાજ્યમાં ખાતરની કૃત્રિમ અછત ઉભી કરીને સરકારને બદનામ કરવા નીકળી છે તેને સરકાર સહેજ પણ સાંખી લેશે નહિ.

# દલિતોને વરઘોડાનો અધિકાર છે : રાજય સરકાર દલિતો સાથે હર હંમેશા છે જ અને રહેશે જ

### ગુજરાતની શાંતિ હણનારા તત્વો દ્વારા રાજયની શાંતિ ડહોળવાના પ્રયત્નોને રાજય સરકાર સાંખી લેશે નહિ : વિઘટનકારી તત્વોને નાગરિકો ઓળખે જ છે

ગાંધીનગર, તા. ૧૫

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ છે કે, રાજયમાં સામાજીક સમરસતાનું વાતાવરણ બની રહે અને લોકો ભાઈચારાથી રહે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે ઉમેર્યુ કે, રાજયમાં દલિત સમાજના યુવાનોને વરઘોડાનો અધિકાર છે પરંતુ રાજયમાં દલિત સમાજના વરઘોડા દરમીયાન જે ઘટનાઓ ઘટી રહી છે તે અત્યંત દુઃખદ છે. રાજય સરકાર આ માટે સતત ચિંતીત છે. આ ઘટનાઓ સંદર્ભે જે તત્વો સંડોવાયેલા હશે તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરાશે. સરકાર હરહંમેશ તેમની સાથે છે અને કાયમ રહેશે જ.

મંત્રી જાડેજાએ ઉમેર્યુ કે, કડી તાલુકાના લ્હોર ગામે પ્રથમ ઘટના ઘટી કે તુર્તજ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદના દાખવીને રાજયની શાંતી, સલામતી અને ભાઈચારાની ભાવના ડહોળાઈ નહી તે માટે સતત માર્ગદર્શન આપીને કોઈ અનચ્છનીય ઘટના ન બને તે માટે સુચનાઓ આપી હતી. લ્હોર ગામે તો રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ તથા સ્થાનિક ધારાસભ્ય કરસનભાઈ સોલંકી દ્વારા રૂબરૂ પહોચી જઈને વિવિધ સમાજના અગ્રણીઓ સાથે બેઠક યોજીને તમામને સમજાવાયા હતા અને ગામમાં સુલેહ સ્થાપવાના પ્રયાસો પણ કરાયા હતા. સાથે સાથે રેન્જ આઈ.જી. અને જિલ્લા પોલીસ અધિક્ષકની ત્વરિત કામગીરીના પરિણામે લ્હોર ખાતે જનજીવન ગણતરીની પળોમાં જ પૂર્વવત થઈ ગયું હતું. ગૃહમંત્રી જાડેજાએ કહ્યું કે, ગુજરાત એ વિકસીત રાજય છે. રાજય સરકારની રાજકીય દ્રઢ ઈચ્છાશક્તિના પરિણામે રાજયમાં કાયદો વ્યવસ્થાની સુપેરે પરિસ્થિતિના કારણે રાજયમાં શાંતિ જળવાઈ રહી છે ત્યારે કેટલાક વિઘટનકારી તત્વો કે જે ચૂંટણીમાં હાર ભાળી ગયા છે તેઓ ગુજરાતની શાંતિને હણવાનો પ્રયાસ કરી રહ્યા છે તેને રાજય સરકાર કયારેય સાંખી લેશે નહી.

## સુઘડ ખાતે સ્વામી અખંડાનંદ સાગરજીનો ૧૮મો નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૫

આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ સુઘડ ખાતે પૂજય ૧૦૦૮ સ્વામી અખંડાનંદ સાગરજી મહારાજનો ૧૯મો નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. જેમાં પૂજય પ્રાતઃ સ્મરણીય મહામંડલેશ્વર સ્વામી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદંતાચાર્ય સાથે હરિદ્વાર, સુરત, નડિયાદ, ચાણોદ, ધોળેશ્વરથી અનેક સંતો પધાર્યા હતા. સાથે સાથે મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય ટ્રસ્ટી કિરીટભાઈ જાદવ, કનુભાઈ પટેલ, મોહનભાઈ પટેલ, નારાયણભાઈ સંઘાડિયા તથા મુકેશભાઈ કોશિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**એરકુલર ભાડે લેવા અંગે જાહેર ખબર**

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગરના અધિકારી/કર્મચારીશ્રીઓ માટે કચેરી ખાતે કુલ ૪૦ નંગ એરકુલર (ડેઝર્ટ-૧૮ ઈંચ, ૩૦ લીટર પાણીની ટાંકીવાળા) મે-જુન-૨૦૧૯ માટે ભાડે રાખવા એરકુલરના પ્રતિ માસના ભાડાના (GST તથા અન્ય કરવેરા સહિતના) ભાવ મંગાવવામાં આવે છે. એરકુલર ભાડે આપતી અને રસ ધરાવતી અનુભવી સ્થાનિક સંસ્થાઓએ એરકુલરના ભાવપત્રક આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૦૩માં સીલબંધ કવરમાં કચેરીની રજીસ્ટ્રી શાખામાં ભાવપત્રકોના કવર ઉપર 'એરકુલરના ભાવ' એમ સ્પષ્ટ લખાણ કરી 'નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર'ના નામે નીચેની શરતો પ્રમાણે મોકલી આપવાના રહેશે. મુદત વિત્યે મળેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહીં જેની નોંધ લેવા વિનંતી છે. ભાવો મંજૂર કરવા કે નહીં તે અંગે કચેરીનો અબાધિત અધિકાર રહેશે.

*શરતો :
૧. એરકુલરના ભાવો દરરોજ પાણી ભરવા તથા અન્ય મજૂરી સાથે આપવાના રહેશે.
૨. કચેરીની સુચનાનુસાર એરકુલર ગોઠવવાના રહેશે.
૩. એરકુલરના ભાડાની આકારણી જે તારીખથી એરકુલર કચેરીમાં મુકવામાં આવશે ત્યારથી જ ગણતરીમાં લેવામાં આવશે.
૪. એરકુલર વપરાશ દરમિયાન બંધ થાય તો તાત્કાલિક ચાલુ / રિપેર કરી આપવાનું રહેશે અથવા તો અન્ય સારું એરકુલર બદલી આપવાનું રહેશે.
૫. એરકુલર લાવવા લઈ જવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે.
૬. એરકુલર સારે હાલતમાં ઘોંઘાટ રહિત પુરા પાડવાના રહેશે.
૭. એરકુલરો સરકારી નિયત સમય મર્યાદા માટે (તા. ૩૦/૬/૨૦૧૯) સુધી ભાડે આપવાના રહેશે.

સહી/-
સંયુકત નિયામક (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર

માહિતી/૫૧/૧૯-૨૦